## ટ્રેક નં. ૫૪ : લગની, તાલાવેલી વિષે

✻ પૂજ્ય બેનશ્રી આપને તો ૧૪–૧૫ વર્ષની નાની ઉંમરે આત્મધૂન લાગી હતી. ન ખાવું ગમે, ન પીવું, ન સૂવું ગમે. બસ એક જ ધૂન. અને સમ્યગ્દર્શન કર્યે જ છૂટકો કર્યો. અમને આવી ધૂન કેવી રીતે લાગે, તે જરા સમજાવોને?

✻ માંગલિક :

ભક્તિ :　　જાગ્યો રે આત્મા આશ જાગી,
મુક્તિના અમૃતની પ્યાસ જાગી,
અભિલાષ જાગી ...જાગ્યો રે આત્મા,
જ્યારે આતમનો દીવડો જાગે.
ત્યારે વૈભવ અળખામણા લાગે,
લાગે ખારો સંસાર, લાગે પ્યારો આતમ,
એને મુક્તિના પંથની લગની લાગી....જાગ્યો રે આત્મા

**✻ પ્રશ્ન : લગની લગી જાય, વિચાર કરતાં એમ લાગી આવે છે કે આ યોગ્ય છે કે નહીં? પાછું સાંસારિક કામમાં જતાં અસ્ત થઈ જાય છે એ હવે શું ?**

❀ ઉત્તર : પોતાની કચાશ છે. અંદર લગની એવી હોય જેને ક્યાંય ચેન પડે નહીં. અંતરમાં સ્વરૂપ મારે જે પ્રગટ કરવું છે તે થાતું નથી. બહારમાં ક્યાંય સુખ લાગે નહીં. સુખ-અંતરના સ્વભાવની એને ખટક રહેવી જોઈએ. ક્યાંય એને દૃષ્ટિ સ્થંભે નહીં. ક્યાંય ચેન પડે નહીં એવી લગની હોવી જોઈએ. ૧.

**✻ પ્રશ્ન : આત્માનો અનુભવ નથી કર્યો તો લગની કેવી રીતે લાગે? આત્માના આનંદની લગની લાગે પણ આત્માના આનંદનો અનુભવ નથી કર્યો. વસ્તુ જોઈ હોય તો કહી શકીએ કે આ વસ્તુ સારી છે. જેવી રીતે સોનગઢ જોયું જ નથી તેવી રીતે આત્માનો**

અનુભવ નથી થયો. વસ્તુ જે અનાદિની છે એની લગની કેવી રીતે લગાડવી ?

● ઉત્તર : અનુભવ નથી તો એને લક્ષણથી નક્કી કરે. ક્યાંય સુખ નથી તો એને અંતરમાંથી લાગવું જોઈએ કે સુખ ક્યાંય નથી તો સુખ ક્યાં છે? સુખ અંતર આત્મામાં, અંતરમાં હોવું જોઈએ. એને વિચાર કરીને લક્ષણથી નક્કી કરે. મહાપુરુષો કહે છે, એને પોતે વિચારથી નક્કી કરે. અંતરમાં સુખ છે બહાર ક્યાંય નથી. એને (બહાર) સુખ નથી જ એવી તો ખાતરી થાવી જોઈએ. અંતરમાંથી એને વિચારીને એ લાગે. અંતરમાં જુએ તો બહાર સુખ ક્યાંય નથી. એ પોતે નક્કી કરી શકે એમ જ છે. અને સુખ અંદર આત્મામાં ભરેલું છે પોતાના વિચારથી નક્કી થાય એવું છે એના લક્ષણ ઉપરથી, અનુભવ નથી તો પણ. ૨.

✻ પ્રશ્ન : ઘણી વખત તો ચેન નથી પડતું. આપણે આમ જાગીએ. આમ ઉજાગરો ન લાગે. નિરાકુળતા કંઈક લાગે. પણ છૂટી જાય. પણ જે વસ્તુ? .........(ગ્રહણ નથી થતી ?)

● ઉત્તર : અંતરમાંથી ગ્રહણ થાવું જોઈએ. અંતરમાંથી ગ્રહણ થાવું જોઈએ. વારંવાર એનો અભ્યાસ કર્યા કરે. વારંવાર એનો સ્વાધ્યાય કરે, વિચાર કરે બધું કરે. એ ન થાય ત્યાં સુધી તો સ્વાધ્યાય અને વિચાર એ જ બધું કરવાનું હોય છે. પણ વારંવાર એનો અભ્યાસ વારંવાર કરે. ભેદજ્ઞાનનો અભ્યાસ વારંવાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને વારંવાર 'હું એનાથી જુદો છું' એમ વારંવાર એનો મહિમાપૂર્વક વાંરવાર કર્યા કરે તો થાય. વારંવાર વિચાર કરીને અમુક નિર્ણય વિકલ્પથી કરીને પછી છૂટી જાય. એવી ભાવના રહે કે 'હું જુદો જુદો' પણ વારંવાર એનો અભ્યાસ વારંવાર કરે તો થાય. વારંવાર કરે. વારંવાર અભ્યાસ કરતા કરતા અંતરમાંથી યથાર્થ નિર્ણય આવે તો થાય. વારંવાર અભ્યાસ કરતાં એને થાકવું નહિં, કંટાળવું નહિ. વારંવાર અભ્યાસ કરે તો થાય. ૩.

✻ પ્રશ્ન : આખો દિવસ તો ફાળવે પણ પછી થાકી જવાય તો કંટાળો તો આવે નહિ પણ પછી (ધ્યાન કરતાં) આમ શાંતિ પણ લાગે. પણ પછી શું ?

● ઉત્તર : આ જાણનાર તે મુખ્ય છે. આ જાણનારમાં સર્વસ્વ છે. આ જાણનારને યથાર્થ ગ્રહણ કરીને એમાં લીન થઈ જાય બહાર જતા ઉપયોગને-બહાર જતો ઉપયોગ અંતરમાં આવી જાય તો થાય. બહાર જતો ઉપયોગ એને અંતરમાં વાળી દે તો થાય. ૪.

❀ બહેનશ્રી : શુભાશુભભાવમાં રુચિ નહિ. અંદર રસ્તો મળે નહિ એમ બને નહિ. અંતરમાં જેને ખરી લગની લાગી હોય, એને માર્ગ મળ્યા વગર રહેતો જ નથી. એને જ્ઞાયક ગ્રહણ થયા વગર રહેતો જ નથી. અંતરમાં જે શુભાશુભભાવથી ખરેખર જેને આકુળતા લાગી હોય ને અને ક્યાંય ચૈન ન પડતું હોય તો આત્માને ગ્રહણ કર્યા વગર રહે જ નહીં. એ માર્ગ શોધી જ લે છે. માર્ગ ગુરુદેવે બતાવ્યો અને પોતાને ગ્રહણ ન થાય તો પોતાના પુરુષાર્થની ખામી છે. માર્ગ તો ચોખો કરીને બતાવ્યો. સ્પષ્ટ કરીને બતાવ્યો છે. પણ પોતે એને અંદર ખરી લાગી હોય તો ગ્રહણ કરે. પોતે ગ્રહણ નથી કરતો. સાચું દુ:ખ લાગ્યું હોય એ ગ્રહણ કર્યા વગર રહેતો નથી. એ વાટ ન જુએ કે જ્યારે મળવો હશે ત્યારે મળશે. એ ખાવાનું પીવાનું નથી મળવાનું એની રાહ નથી જોતો. એ પ્રયાસ કરવા જાય છે જેને ભૂખ લાગી હોય એ પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી. આત્મામાં જેની લાગી છે, આત્મા વગર ચેન નથી પડતું જેની લગની લાગી હોય એને પુરુષાર્થ કર્યા વગર રહેતો જ નથી. આત્માના વિચારો કરે, આત્માની પ્રતીત કરવાનો પ્રયત્ન કરે, ઓળખવાનો પ્રયત્ન કરે. આત્મા કેવો હોય, એ વારંવાર અભ્યાસ કરે. પુરુષાર્થ કરે. કાળલબ્ધિ નહિં પણ 'હું પુરુષાર્થ કરું, મને આત્મા કેમ પ્રાપ્ત થાય' એવી એને લગની લાગે, ઈ વાટ જોતો નથી. અને જે પુરુષાર્થ કરે એની કાળલબ્ધિ પાકી જાય છે. પુરુષાર્થ સાથે કાળલબ્ધિનો સંબંધ છે. જે પુરુષાર્થની વાટ જુએ

છે. એ વાટ જુએ આત્માની લાગી જ નથી એને. એને નથી લાગી (એની) કાળલબ્ધિ છે જ નહીં. લાગી જ નથી આત્માની. આત્માની લાગે એ વાટ જોતો નથી. ૫.

● બહેનશ્રી : એની લગનીમાં એને આત્માની ક્યાં અનુભૂતિ-માંથી, આત્માના વેદનમાંથી? માટે મને આત્માની સ્વાનુભૂતિ, આત્માનું વેદન કેમ આવે? ઈ જ્ઞાયકની પ્રતીતિ મને કેમ પ્રગટ થાય? છે તો પોતે. પણ પોતે પોતાને ઓળખતો નથી. ભૂલી ગયો છે. એટલી જિજ્ઞાસા, લગની લાગ્યા વગર રહેતી નથી.

બહેનશ્રી : લગની વધારવા પોતે વધારે તો થાય. એને બહારનો રસ છૂટી જાવો જોઈએ. અંતરમાં ચૈતન્યમાં સુખ લાગવું જોઈએ. સુખ ચૈતન્યમાં છે. બહાર ક્યાંય નથી. બહાર રોકાતો હોય એને અંતરમાં વાળવાનો પોતે અંતરમાં પ્રયત્ન કરે. રુચિ વધારવાનો પ્રયત્ન કરે લગની લગાડવા માટે. અંતરમાં સુખ લાગે તો એને લગની લાગે ને! અંતરમાં સુખ અને આત્મા જ સારભૂત છે એમ ન લાગે તો લગની ક્યાંથી લાગે? સર્વસ્વ સારભૂત એક આત્મા છે જગતમાં. બીજું કાંઈ સારભૂત નથી. એવી જાતની અંતરમાંથી રુચિ લાગવી જોઈએ, તો લગની લાગે. આત્મા વગર ક્યાંય ચેન પડે નહિ, એવી લગની લાગવી જોઈએ અંતરમાંથી, પણ આત્માની એટલી જરૂરિયાત જણાય તો લગની લાગે ને? રાત અને દિવસ રોકાઈ જાય છે. લગની લાગવા માટે આત્મા જ વસ્તુ સર્વસ્વ છે ને એની જ જરૂરિયાત છે એમ લાગવું જોઈએ. એને કોઈ કરી દેતું નથી. પોતે કરે તો થાય છે. ૬.

*  પ્રશ્ન : સત્પુરુષનાં સાન્નિધ્યમાં લગની વધે ને?

● ઉત્તર : સત્પુરુષનાં નિમિત્ત મહા નિમિત્ત છે. પ્રબળ નિમિત્ત છે પણ કરવાનું પોતાને રહે છે. એટલે શાસ્ત્રમાં આવે છે ને! દેવ-ગુરુ-શાસ્ત્રનાં કલ્પવૃક્ષનું સાન્નિધ્ય. એને શરણે જા, એ કહે એમ કર, એમ આવે છે. પણ કરવાનું પોતાને રહે છે ને! ઉપાદાન પોતાને

તૈયાર કરવાનું રહે છે. (કોઈ) કરી દેતું નથી. કરવાનું પોતાને રહે છે. નિમિત્ત પ્રબળ હોય છે સત્પુરુષનું, દેવનું, ગુરુનું નિમિત્ત પ્રબળ નિમિત્ત છે. મુક્તિનો માર્ગ પ્રકટ કરવા માટે, મુક્તિને ઓળખવા માટે, સ્વાનુભૂતિ પ્રકટ કરવા માટે, જિજ્ઞાસુની ભૂમિકા આત્માર્થતા પ્રકટ કરવા માટે ગુરુનું નિમિત્ત મોટું છે. પણ કરવાનું પોતાને રહે છે. ૭.

* પ્રશ્ન : (નિમિત્તની મર્યાદા છે ?)

● ઉત્તર : ઈ મર્યાદા તો, બીજે જવાનું તો અશુભ ભાવમાં જવાનું થાય એ જવાનું નથી. આ અંદરમાં કંઈ જિજ્ઞાસા, લગની તો એ જ રાખવાની, શ્રદ્ધા તો એ જ રાખવાની કે આ શુદ્ધાત્મા કેવી રીતે ગ્રહણ થાય? પણ આ બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની થઈ શકે તો શ્રદ્ધા તો બરાબર કર જે, શાસ્ત્રમાં આવે છે. આ બધાથી ન્યારો આત્મા શુદ્ધાત્મા, એમની દ્રવ્ય ગુણ પર્યાય બધું સ્વરૂપ એને ઓળખવાથી, એને ગ્રહણ કરવાથી, એમાં લીન થવાથી પ્રગટ થાય છે. બાકી વચ્ચે કાંઈ બીજો પરનો આશ્રય કે ઈ આત્માનું સ્વરૂપ નથી. અંદર તારા આત્માનો આશ્રય લઈ લે. એ શ્રદ્ધામાં એ જ આવવું જોઈએ. એ ન બની શકે તે બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો એનો આશ્રય હોય છે. દેશનાલબ્ધિ થાય ત્યારે ભગવાનનું અને ગુરુની વાણીનું નિમિત્ત હોય છે. એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ હોય છે. કરવાનું પોતાને છે. પણ નિમિત્તમાં દેવ ને ગુરુ સાક્ષાત્‌ હોય છે. ૮.

* બહેનશ્રી : જ્ઞાયક જ્ઞાયક એ તરફ પરિણતિ લે જાના ઔર ભેદમેં સબ પડતા હૈ. ભેદ પડતા હૈ. ઉસમેં વિકલ્પ કરકે દેખના હૈ વો આત્માકા સ્વભાવ નહીં હૈ. અનંતગુણથી ભરેલા તો ભી ગુણભેદ ભી વિકલ્પ હૈ. ઉસકે ઉપરસે દૃષ્ટિ હટા દેના. આત્મા તો જાનનેમેં આતા હૈ. યે ગુણ હૈ. યે પર્યાય હૈ. દૃષ્ટિ તો એક દ્રવ્ય ઉપર રહેતી હૈ એક મેં દૃષ્ટિ પ્રગટ કરના ઔર વારંવાર–વારંવાર પુરુષાર્થ કરના, વો કરના હૈ. વારંવાર–દિવસ ને રાત વો. ઈસકા જો અભ્યાસ

અનાદિકા વિભાવકા હો રહા હૈ. ઈસસે જ્યાદા યે અભ્યાસ કરે. તો અપના સ્વભાવ હૈ. તો ક્ષણમેં પલટ જાય. નિગોદમેં સે નિકલકર વો મમોલા હુઆ. વો પીછે રાજકુમાર હુઆ તો ભી ક્ષણમેં પલટ જાતા હૈ. અપના સ્વભાવ હૈ એસે પલટના. પણ પુરુષાર્થ કરતે કરતે, તો સબ અંતરમેં જાય તો ઉસમેં આનંદ પ્રગટ હોતા હૈ. જ્ઞાન પ્રગટ હોતા હૈ. વિકલ્પ તૂટતા હૈ. સબ ઉસમેં હોતા હૈ. પરંતુ ઉસકે લિયે પુરુષાર્થ કરના પડતા હૈ. પહલા પુરુષાર્થ કઠણ લાગે તો ભી પીછે સહજ હો જાતા હૈ. અપના સ્વભાવ હૈ ન? ઈસીલિયે સહજ હો જાતા હૈ. પીછે તો પરિણતિ સહજ અપની તરફ દૌડતી હૈ. ૯.

* પ્રશ્ન : લક્ષ્ય જ્ઞાયક કી તરફ રહના ચાહિએ?

● ઉત્તર : હાઁ, જ્ઞાયકકી તરફ જાના ચાહિએ. સહજ અપના સ્વભાવ હૈ. 'મૈં જ્ઞાયક હૂઁ.' વો વિકલ્પ ઉઠે એ નહીં. ભીતરસે સ્વભાવ પિછાન કરકે ઊંડી દૃષ્ટિ જાય તો વિશેષ હોતે હૈ. વે વિકલ્પ કરતે હૈ તો ભાવનારૂપ હી, દૃષ્ટિ ભીતરમેં. દૃષ્ટિ દેકર 'મેરા યે સ્વભાવ હૈ યે, વિભાવ મેરા નહીં હૈ. મૈં ઐસે જ્ઞાયક યે, યે વિભાવ મૈં નહીં, મેરા યે સ્વભાવ નહીં. મૈં ચૈતન્ય જ્ઞાયક હૂઁ.' વારંવાર ઈસકી તરફ દૃષ્ટિ દે. ઐસે કરતે-કરતે જ્ઞાયકકી દૃષ્ટિ દૃઢ· હો જાતી હૈ. ઈસીલિયે ભેદજ્ઞાનકી ધારા જબ ઉર્ધ્વ હો જાતી હૈ તો ક્ષણે—ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે જ્ઞાયક જ્ઞાયક કરતા કરતા જબ સહજ હો જાતા હૈ તબ ઈસકા જ્ઞાયકકા ધ્યાન હોતા હૈ. જ્ઞાયકકી ધારા બનતી હૈ. જ્ઞાતાકી ધારા બનતી હૈ. તબ ઉસકા વિકલ્પ તૂટનેકા અવસર તો તબ આતા હૈ કિ જ્ઞાયકકી ધારા, જ્ઞાતા ધારા જબ દૃઢ હોતી હૈ. જ્ઞાન ઐસે જ્ઞાયકકા ધ્યાન જબ દૃઢ હોતા હૈ, તબ વિકલ્પ તૂટતે હૈ. અવસર તો તબ આતા હૈ. વિકલ્પ તૂટતા હૈ, સ્વરૂપમેં લીન હો જાતા હૈ. જ્ઞાનાનંદ પ્રગટ (હોતા હૈ) ચૈતન્ય જો સ્વભાવ હૈ, વો પ્રગટ હોતા હૈ. પીછે વો બહાર આતા હૈ, વો સાધના તો હૈ તો ભી પરિણતિ તો ચાલુ રહતી હૈ. 'મૈં જ્ઞાયક હૂઁ, મૈં જ્ઞાયક હૂઁ.' જ્ઞાતા ધારા ચાલુ રહતી હૈ પછી

તો ક્ષણ ક્ષણમેં જ્ઞાન જ્ઞાન જ્ઞાન હોતા રહતા હૈ. 'મૈં જ્ઞાયક હૂઁ.' જ્ઞાતા કી ધારા રહતી હૈ. સ્વપ્નમેં ભી સોતે હૈ તો ભી જ્ઞાયક કી ધારા બઢતી રહતી હૈ. ૧૦.

✻ પ્રશ્ન : નિરંતર રહતી હૈ?

● ઉત્તર : નિરંતર. સ્વાનુભૂતિ કે પીછે નિરંતર રહતી હૈ. ૧૧

✻ પ્રશ્ન : જબ વિકલ્પ આવે વો સમય ભી ચલે?

● ઉત્તર : વો સમય ભી, વો ક્ષણે ભી ચલતી હૈ. દૂસરે સમય ઐસા વિચાર નહીં આતા કે ''મૈં તો જ્ઞાયક હૂઁ'' એક સમય જોડાઈ જાય ફિર પીછે વિચાર કરે. ઐસા નહીં. જો ઈસમેં જોડાતા ભી નહીં. જબ વિકલ્પ આયે ઉસી ક્ષણ જ્ઞાયક હૈ, ઉસી ક્ષણ. ૧૨.

✻ પ્રશ્ન : જાનનેવાલા રહતા હૈ

● ઉત્તર : ઉસી ક્ષણ જાનનેવાલા રહતા હૈ. ૧૩.

✻ પ્રશ્ન : વિચાર કરીને?

● ઉત્તર : વિચાર કરીને કે 'મૈં તો જાનનેવાલા' ઐસા નહીં. સહજ જાનનેવાલા રહતા હૈ. સહજ જાનનેવાલા. જો વિકલ્પ ક્ષણ ક્ષણમેં હોતા હૈ, વો ઉસ સમય બસ જાનનેવાલા હી હૈ. ઉસમેં એકત્વ નહિં. સબ ક્ષણ, સબ સમયમેં જાનનેવાલા હી રહતા હૈ. ૧૪.

✻ પ્રશ્ન : સપનામેં ભી?

● ઉત્તર : હાઁ, સપનામેં ઔર, નિંદ્રા મેં ભી જાનનેવાલા રહતા હૈ. ૧૫.

✻ પ્રશ્ન : નિંદ્રામાં ભી કૈસે?

● ઉત્તર : એકત્વબુદ્ધિકી ધારા તૂટ ગઈ ઔર જ્ઞાતાધારા ચાલુ હો ગઈ. યે ક્યા માર્ગ ઐસા હૈ. 'ભેદવિજ્ઞાન સિદ્ધા યૈ કિલ કેચનમ્' મુક્તિકા માર્ગ ભેદ જ્ઞાન હી હૈ. ૧૬.

✻ પ્રશ્ન : સપને મેં ભી ભેદ વિજ્ઞાન નિરંતર હી ચલતા હૈ?

● ઉત્તર : નિરંતર ચલતા હૈ. શરીરમેં કુછ હોવે તો ભી

જ્ઞાયક, અનુકૂલ હોય તો ભી જ્ઞાયક અને પ્રતિકૂલ હોય તો ભી જ્ઞાયક. ૧૭.

✽ પ્રશ્ન : બીજી તરફ લગની શબ્દનો પણ એ અર્થ થઈ શકે છે. લગનીની પર્યાય પછી ભલે બીજી પર્યાય આવે છે. પણ લગનીનું સાતત્ય ચાલુ રહે છે. ઈ કહી શકાય. આત્મજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે. એ લઈ શકાય ને?

● ઉત્તર : આત્મજ્ઞાન અને કેવળજ્ઞાનની લગની જે અંતરમાં લાગી એ કારણ બને છે વ્યવહાર કારણ પણ એ એકદમ લગની અંતરની ઊંડી હોય અંદરની ઊંડી લગની હોય તો મારે આત્મા જ જોઈએ છે. બીજું કાંઈ નથી જોઈતું. તો એને વ્યવહાર કારણ બને છે. કાર્ય ભલે મૂળ વસ્તુમાંથી પર્યાય પ્રગટે છે. પર્યાયનું કારણ દ્રવ્ય છે. તો પણ એ એમાં સંસ્કારનું કારણ બને છે. વ્યવહાર કારણ કહેવાય છે. ૧૮.

પરમ સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.